અપીલ અરજી નં.૯૦ તા.૮–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.ર૭–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ નોંધ નં.૧ર/ર૪૮૯–૧૦ એક માળની મિલ્કત સૈયદપુરા માર્કેટમાં આવેલ છે. અને ચીકન એન્ડ એગ્સ ના નામે ચાલુ ધંધે ચાલુ માર્કેટનાં દિવસના સમય દરમ્યાન પડદા બાંધ્યા વગર સદર મિલ્કતને ઉતારવાની આપની કચેરીનાં મંજુરી પત્રની માહિતીની નકલ તથા રીપેરીંગ અંગેની પરવાનગીની માહિતીની નકલ વિ મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૬–૧૦ ની **SMC/FAP/** નં.૯૦/ર૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.ર૭–૪–૧૦ નીઅરજીથી મુદ્દા નં.૧ નોંધ નં.૧ર/ર૪૮૯–૧૦ એક માળની મિલ્કત સૈયદપુરા માર્કેટમાં આવેલ છે અને ચીકન એન્ડ એગ્સ ના નામે ચાલુ ધંધે ચાલુ માર્કેટનાં દિવસના સમય દરમ્યાન પડદા બાંધ્યા વગર સદર મિલ્કતને ઉતારવાની આપની કચેરીનાં મંજુરી પત્રની માહિતીની નકલ તથા રીપેરીંગ અંગેની પરવાનગીની માહિતીની નકલ વિ મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ/ર૯૦ તા.ર૭–પ–૧૦ થી માંગેલ માહિતીની નકલ અંગે ફી ભરવાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૬૮ તા.૧૭–૬–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળ ેલ નથી.

અરજદારની તા.ર૭–૪–૧૦ થી અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની નોંધ નં.૧ર/ર૪૮૯/૧૦ એક માળની મિલ્કત ઉતારવાની રીપેરીંગ અને નવા બાંધકામ તથા અન્ય ચીકન એગ્સના શોપની માહિતીની નકલો મેળવવા બાબતે સેન્ટ્રલઝોનમાં અરજી કરવામાં આવેલ. મુદ્દા નં.૧ નોંધ નં.૧ર/ર૪૮૯–૧૦ એક માળની મિલ્કત સૈયદપુરા માર્કેટમાં આવેલ છે અને ચીકન એન્ડ એગ્સ ના નામે ચાલુ ધંધે ચાલુ માર્કેટનાં દિવસના સમય દરમ્યાન પડદા બાંધ્યા વગર સદર મિલ્કતને ઉતારવાની આપની કચેરીનાં મંજુરી પત્રની માહિતીની નકલ તથા રીપેરીંગ અંગેની પરવાનગીની માહિતીની નકલ. મુદ્દા નં.ર સદર મિલ્કતને રીપેરીંગની આડમાં ઉતારીને નવા બાંધકામના પ્લાનની મંજુરી, રજાચિઠ્ઠી, માહિતીની નકલ મુદ્દા નં.૩ સદર મિલ્કત એસએમસીના નકશા અનુસાર અમુક ભાગ કાયદેસર રીતે કપાતમાં જતો હોય જેની માહિતીની નકલ, મુદ્દા નં.૪ સદર એક માળની મિલ્કતની રીપેરીંગની આડમાં લોખંડના ગડર એન્ગલ ધ્વારા વધુ માળ બાંધવાની મંજુરીની નકલ. મુદ્દા નં.પ સૈયદપુરા માર્કેટની ચીકન અને એગ્સ અંગેના આરોગ્ય લાયસન્સ અંગેની, ચીકન એગ્સ લાયસન્સ અંગેની , વ્યવસાયવેરાના લાયસન્સ અંગેની, ગુમાસ્તાધારાની લાયસન્સ અંગેની નકલો. મુદ્દા નં.૬ સૈયદપુરા માર્કેટ વિસ્તારમાં જેટલી પણ ચીકન એગ્સની શોપ આવેલ છે તેમાંની મરેલી ચીકનનો નિકાલ સૈયદપુરા માર્કેટ વિસ્તારના કચરાપેટીમાં કરવામાં આવતો નથી પરંતુ મરેલી ચીકનનો નિકાલ અંતિમ ક્રિયા જયાં કરવામાં આવે છે તેની માહિતી. મુદ્દા નં.૭ સૈયદપુરા માર્કેટ વિસ્તારમાં જેટલા પણ ચીકન એગ્સ શોપ છે એમના ધંધાના રજીસ્ટ્રેશન આરોગ્ય લાયસન્સની, ચીકન મટનના વેચાણની લાયસન્સની , વ્યવસાયવેરાની ,ગુમાસ્તાધારા લાયસન્સની માહિતીની નકલો આપવા બાબતની અરજી સ ેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૩ તા.૩૦–૪–૧૦ થી આરોગ્ય અધિકારીને અરજી તબદીલ કરેલ. આરોગ્ય અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/માર્કેટ /૧પ૭ તા.૧૪–પ–૧૦ થી સદર અરજી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ.આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વિના કારણ તબદીલી કર્યાનું પણ આ બાબત સૂચવે છે. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.ર૯૦ તા.ર૭–પ–૧૦ થી માહિતીના પાના રૂા.ર૪/– તથા એલાઈમેન્ટનના નકશાના રૂા.૭૦૦/– મળી કુલ રૂા.૭ર૪ ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૮–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરી મળેલા પ્રતિભાવ માં અરજદારે માંગેલ માહિતીને બદલે ન માંગેલ ન જોઈતી અને ગળેપાડુ માહિતીની નકલ ભરવા અંગે ફરજ પાડવા બાબત જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે એલાઈમેન્ટ નકશાની માહિતી અમો અરજદારે માંગેલ ન હોય તેમજ રૂબરૂ કચેરીમાં મળેલ અને એલાઈમેન્ટ નકશાની બાબતે સ્પષ્ટતા કરેલ અને રૂા.ર૪/– ભરી માહિતીની નકલો મેળવવા જણાવેલ. પરંતુ અરજદારે નાગરીક સુવિધાકેન્દ્ર ઉપર તે સ્વીકારવામાં આવેલ નહીં તેવી રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે ન માંગેલ અને ન જોઈતી માહિતી અંગે અમને ફરજ પાડી શકાય નહીં તેવી પણ રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે બાંધકામ અંગેની રજાચિઠ્ઠીની માંગણી કર્યાની રજૂઆત કરેલ છે. જયારે મુદ્દા નં.૩ અંગે ૧૦ થી ૧પ ફુટ નો ભાગ એલાઈમેન્ટ નકશા અનુસાર નીકળી જતો હોય તેમ છે તેવી ધારણા આધારિત રજૂઆત કરેલ છે. મુદ્દા નં.પ થી ૭ માં અરજદારે સૈયદપુરા માર્કેટની દુકાનદારો એગ્સ અને ચિકનના

મટનની શોપ અંગે બીપીએમસી એકટનો સરેઆમ ખુલ્લો ભંગ કરેલ છે. સેન્ટ્રલઝોનના અધિકારીએ આંખ આડા કાન કરી દુકાનદારો સામે નરમ વલણ આપનાવી છે આરોગ્ય વિભાગના અધિકારીઓ નિયમિત સમય અંતરે વિવિધ દુકાનોમાં સરપ્રાઈઝ ચેકીંગ અઠવાડીયે પખવાડીયે કે મહીને પણ કાયદેસરનું આરોગ્ય કે ગુમાસ્તા એગ્સ ચીકન મટન વેચવાનું વ્યવસાયવેરાને લાયસન્સનું ચેકીંગ કરતા જણાતું નથી તેવી ફરીયાદ બાબતેની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૯૦ તા.૨૭–૫–૧૦ થી અરજદારને માહિતી પેટે રૂા.૨૪/– તથા એલાઈમેન્ટનના નકશા માટે રૂા.૭૦૦/– કુલ રૂા. ૭૨૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. પરંતુ તેમાં ૧ થી ૭ પૈકી કયા મુદ્દાની કેટલી માહિતીના કેટલા પાના છે તેની સ્પષ્ટ કરેલ નથી જયારે અરજદારે તે જ માહિતી પત્રની નકલમાં એલાઈમેન્ટ નકશાની નકલ માંગેલ નથી તથા અપીલમાં પણ તે અંગે સ્પષ્ટતા કરેલ છે. વધુમાં અરજદાર રૂા.૨૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા તૈયાર છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી તે સ્વીકારી માહિતી આપવામાં આવતી નથી તેવી રજૂઆત કરવામાં આવેલ છે. અરજદારની નકશાની નકલ માંગેલ નથી તથા વણજોઈતી માહિતી આપવા ફરજ પાડવામાં આવે છે તે રજૂઆત તેમની મુળ અરજીના મુદ્દા નં.૩ "એસએમસી" ના નકશા અનુસાર કપાતમાં જતો હોય તેવી માહિતીની નકલની માંગણી સાથે તાર્કીક અને સુસંગત નથી. મુદ્દા નં.૩ અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા નકશાની નકલ ફી ભરવા સૂચવેલ હોવાનું જણાય છે. તેમ છતાં અરજદાર તેટલી માહિતી માંગવાનું જતું કરી ફી ભરતી વેળા અરજદાર અંશતઃ માહિતી માંગે તો તેટલા પૂરતી માહિતી પણ જાહેર માહિતી અધિકારીના સંદર્ભના આધારે પૂરી પાડવાની રહે છે. જે પ્રસ્તુત કેસમાં થયેલ નથી. વધુમાં અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૫ થી ૭ બાબતે ફરીયાદને લગતી અપીલ તબકકે રજૂઆત કરેલ છે. આમ અરજદારને સદર મિલ્કતના બાંધકામની મંજુરી અને પરવાનગી બાબતે તથા ચીકન એગ્સના આરોગ્ય ,ગુમાસ્તા ,વ્યવસાવેરા,અને વેચાણ અંગેના લાયસન્સોની નહીં પૂરી પાડેલ માહિતી પૂરી પાડવાની રહે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૪–૧૦ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારીએ ફી ભરવાના પત્રમાં જણાવ્યાનુસાર રૂા.૨૪/– સ્વીકારી તેટલા મુદ્દાની માહિતી પૂરી પાડવા તથા તેમાં સમાવેશ ન થતો હોય તેવી મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં ફરીયાદની હકીકતમાં જણાવ્યા મુજબ ૧ થી ૭ મુદ્દા પૈકીની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી બાકી માહિતી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગતે અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. અરજદાર અપીલમાં કરેલ ફરીયાદ બાબતે સક્ષમ સત્તાધીશને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/ ડે.કમિશ્નર (જનરલ)
તારીખ : –૭–૧૦ અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,